જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૯/૧૨/૨૦૨૪ રવિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૧૩/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૮ કેસ કરી, ૭૨ વ્યક્તિઓને ઝડપી, ૩૫૫ લીટર દેશી દારૂ, ૨૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩ બિયર ટીન, ૩ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૪,૨૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૧૪/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૯૧૫/૨૦૨૪

**ઓઢવઃ** કૈલાસબહેન વા/ઓ હસમુખભાઈ વાઘેલા (રહે. ગંગા એપાર્ટમેન્ટ માધવ સ્કુલ પાછળ વસ્ત્રાલ રામોલ) એ તા.૨૮/૧૨/૨૦૨૪ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૨/૨૦૨૪ બપોરના ૪/૦૦ થી તા.૨૭/૧૨/૨૦૨૪ બપોરના ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ કઠવાડા જી.આઈ.ડી.સી. મધુ માલતી આવાસ યોજના બ્લોક.નંબર ૦૯/૨૭૯ ખાતેના પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૦૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.ચૌહાણ ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૧૬/૨૦૨૪**

**રામોલઃ** વિજયકુમાર ગાંડાલાલ પ્રજાપતિ (ઉ.વ.૪૫) (રહે. શિવદર્શન સોસાયટી શિવ ચેમ્બર પાછળ સી.ટી.એમ.ચાર રસ્તા પાસે ખોખરા) તા.૨૮/૧૨/૨૦૨૪ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે જશોદાનગર અંબિકા ફાસ્ટ ફુડ નામની દુકાન સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ વિજયકુમાર પ્રજાપતિના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિજયકુમાર પ્રજાપતિએ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે. પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૧૭/૨૦૨૪**

**વેજલપુરઃ** લક્ષ્મણ સ/ઓ રતિલાલ માળી (ઉ.વ.૨૯) (રહે. નિલધારા સોસાયટી સાઇબાબા મંદીરની બાજુમા ગેટ નંબર-૩ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૨/૨૦૨૪ રાતના ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને જીવરાજ મહેતા હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.મ.સ.ઈ.શ્રી દેવરાજભાઇ ધીરજીભાઇ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** પ્રિન્સી ડો/ઓ રાજેશસિંહ રાજપુત (ઉ.વ.૨૪) (રહે. અંબાલાલની ચાલી જગદિશનગર સત્તાધાર રોડ અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૨/૨૦૨૪ કલાક ૮/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જી.પરમાર ચલાવે છે.

**રામોલઃ** રોહીતભાઇ ગણેશભાઇ પટેલ (ઉ.વ.૫૨) (રહે. ગીરીવર બંગ્લોઝ ઇન્દ્રપુરી ટાઉનશીપ જશોદાનગર) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૨/૨૦૨૪ સાંજના ૭/૦૦ થી રાતના ૮/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રામોલ સુરેલીયા રોડ રેવાભાઇ એસ્ટેટ વિભાગ-૧ શેડ નંબર-૨૨ કારખાના ખાતે છતના ભાગે લોખંડની એંગલમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જેરામભાઇ વાલજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી